



# ચમત્કારિક સોપારી

**પૂજા સોપારીના દસ ઉપાયો : તમારા મુસીબતના દિવસો બદલી શકે**

જો તમે આ ચમત્કારિક સોપારીને હંમેશા પાસે રાખો તો જીવનમાં ક્યારેય પણ પૈસાની તંગી રહેતી નથી જ્યારે સોપારીની વિધિવત્ પૂજા કરવામાં આવે છે તો તે ચમત્કારિક બની જાય છે. જો તમે આ ચમત્કારિક સોપારીને હંમેશા પોતાની પાસે રાખો તો જીવનમાં ક્યારેય પૈસાની તંગી રહેતી નથી. આ છે સોપારીના 10 સચોટ ઉપાયઃ

1. પૂજાની સોપારી પર જનોઈ ચઢાવીને જ્યારે પૂજા કરવામાં આવે છે તો તે અખંડિત સોપારી ગૌરી ગણેશનું રૂપ બની જાય છે. આ સોપારીને તિજોરીમાં રાખવાથી ઘરમાં લક્ષ્મી સ્થિર- કાયમી રીતે રહેવા લાગે છે અને તેનાથી સૌભાગ્ય આવવા લાગે છે.
2. પૂજામાં ઉપયોગમાં લેવામાં આવતી સોપારીને તિજોરીમાં રાખવી પણ લાભદાયક હોય છે. સોપારીને દોરામાં વીંટીને અને ચોખા, કંકુ લગાડીને પૂજા જરૂર કરી લેવી. પૂજા કરીને તિજોરીમાં રાખવામાં આવેલી સોપારી બહુ જ લાભદાયક છે.
3. વેપારમાં પ્રગતિ માટે પણ સોપારી બહુ જ મદદરૂપ થાય છે.એવું માનવામાં આવે છે કે, શનિવારની રાત્રે પીપળાના વૃક્ષની પૂજા કરીને સોપારી અને તેની સાથે એક રૂપિયાનો સિક્કો રાખવો. બીજા દિવસે તે વૃક્ષનાં પાંદડાં તોડીને લાવવાં. તેના ઉપર સોપારી રાખવી અને તેને તમારી તિજોરીમાં રાખવી. તેનાથી વેપારમાં વધારો થશે.
4. પાનનું પાંદડું રાખવું. તેના પર સિંદૂરમાં ઘી ભેળવીને સાથિયો બનાવવો અને તે પાન પર નાડાછડીથી વીંટાળેલી સોપારી રાખીને પૂજા કરવી જોઈએ. આ ઉપાયથી ઘરમાં સફળતા માટે દ્વાર ખૂલે છે.
5. જો તમારું કોઈ કામ થતાં થતાં રહી જતું હોય અથવા તમોને કોઈ કાર્યમાં સતત અસફળતા મળતી હોય તો જ્યારે પણ એ કાર્ય કરવા માટે જાવ, તો એક લવિંગ અને સોપારી પાસે રાખી લો. કામના સમયે લવિંગને પોતાના મોંમાં રાખી લો અને તેને ચૂસવું. સોપારી ઘરે લાવ્યા બાદ પાછી તે ગણેશજીના ફોટા સામે મૂકી દો. તેનાથી અટકેલું કામ પૂરું થઈ જશે.
6. સોપારીને ચાંદીની ડબ્બીમાં અબીલ લગાડીને કોઇ પણ પૂનમના દિવસે પૂજા ઘરમાં રાખવાથી ઘરમાં મંગળ કાર્ય જલદીથી થશે.
7. હળદર, કંકુ અને ચોખા ચડાવીને સોપારી પર નાડાછડી વીંટવી અને તેને કોઇ પણ ગુરુવારે વિષ્ણુ-લક્ષ્મી મંદિરમાં છુપાવીને આવવું. તેનાથી અવિવાહિત કન્યાના લગ્ન યોગ બને છે.
8. જો ઘરમાં કોઇ પણ માંગલિક કાર્ય હોય તો તેને નિર્વિઘ્ન સંપન્ન થાય તે માટે સોપારીને બોલીને લાલ કપડામાં બાંધીને છુપાવી દો. જ્યારે કાર્ય સારી રીતે સંપન્ન થઇ જાય ત્યારે આ સોપારીને કોઇ ગણેશ મંદિરમાં જઇને મૂકી આવવી.
9. ઘરેથી જ્યારે કોઇ તીર્થયાત્રા પર જાય તો તેને સકુશળ પાછા આવવા સુધી તુલસીનાં કુંડામાં સોપારી દાટી દો. જ્યારે તે વ્યક્તિ આવે ત્યારે તેને ધોઇને કોઇ મંદિરમાં ચઢાવી દેવી.
10. સોપારીને 7 વાર પોતાના પરથી ઊતારીને હવન કુંડમાં અર્પણ કરવાથી દરેક પ્રકારની અલા-બલા દૂર થાય છે.

**જડીબુટ્ટી**
**નજુમી**

# દિવાળી પર મા લક્ષ્મીની કૃપા પ્રાપ્ત કરવાના 10 અચૂક ટુચકા

**ઘરની સ્ત્રીઓ ઘરના દરેક ખૂણામાં ખટ્ -ખટ્ અવાજ કરીને કહેઃ ''હે અલક્ષ્મી! હવે તમે આ ઘરમાંથી ચાલી જાવ, કારણકે અહીંયા મા લક્ષ્મીજીનો નિવાસ થઈ ગયો છે!''**

આ ધરતી પર દરેક વ્યક્તિ 'ધન' અને 'ઐશ્વર્ય' મેળવવા ઈચ્છે છે અને તેને માટે સખત મહેનતની સાથે-સાથે જાત-જાતના ઉપાય પણ કરે છે... મા લક્ષ્મી દેવીને 'ધનની દેવી' કહેવાય છે. કહેવાય છે કે, મા લક્ષ્મીજીની આરાધનાથી જીવનમાં ભૌતિક સુખ-સુવિધાની કમી નથી રહેતી. દિવાળી પર મા લક્ષ્મીની પૂજા-આરાધનાનું ઘણું જ મહત્ત્વ છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આ દિવસે મા લક્ષ્મીની પૂજા કરવાથી ઘરમાં કાયમી સુખ-સમૃદ્ધિ અને ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રો અનુસાર દિવાળીના દિવસે કરવામાં આવેલા 'લક્ષ્મીપ્રાપ્તિના ઉપાયો'થી અતિ શીઘ્ર ફળ મળે છે. અહીં લક્ષ્મીપ્રાપ્તિ માટેના કેટલાક ઉપાય આપવામાં આવ્યા છે, જેનાથી ઘરમાં ધન-સમૃદ્ધિ અને સુખ-શાંતિમાં વધારો થાય છે.

1. જો તમે ગૃહકલેશથી પીડાતાં હો, ઘરની સુખ-શાંતિ દૂર થઈ ગઈ હોય, તો દિવાળીના દિવસે મા લક્ષ્મીજીનું પૂજન કર્યા બાદ બે ગોમતી ચક્ર લઈને એક ડબ્બીમાં સિંદૂર ભરીને ચક્ર મૂકી દેવાં. પછી તે ડબ્બીને બંધ કરીને ઘરના કોઈ એકાંત સ્થાનમાં મૂકી દો. પરંતુ તે અંગે ઘરના કોઈ સભ્યને બતાવવું નહીં. તેથી શીઘ્ર-જલદીથી ફરીથી ઘરમાં સુખ-શાંતિ સ્થપાઈ જશે.
2. દિવાળીમાં લક્ષ્મીપૂજનના સમયે બે અકીક મા લક્ષ્મીજીનાં ચરણોમાં મૂકી દો. પૂજા પૂરી થયા બાદ અર્ધ રાત્રે આ બે અકીકને ઘરના કોઈ ખૂણામાં જમીનમાં ખોદીને દાટી દો. બગડેલાં કામ પણ બનવા માંડશે. તેનો અનુભવ થશે.
3. રાત્રિની સમાપ્તિ પહેલાં બ્રહ્મમુહૂર્તમાં ઘરની સ્ત્રીઓ ઘરના દરેક ખૂણામાં ખટ-ખટનો અવાજ કરતાં કરતાં કહેવું કે, ''હે અલક્ષ્મી! હવે તમે આ ઘરમાંથી ચાલી જાવ, કારણકે અહીંયા મા લક્ષ્મીજીનો નિવાસ થઈ ગયો. છે.'' આવું કરવાથી તે ઘરમાં દિવસે ને દિવસે લક્ષ્મીજીનો ભંડાર વધે છે.
4. દિવાળીના દિવસે વિષ્ણુ સહસ્રનામ તેમ જ લક્ષ્મી સૂક્તનો પાઠ અવશ્ય કરવો. તેનાથી મા લક્ષ્મીજી પ્રસન્ન થાય છે અને ઘરમાં સુખ-સમૃદ્ધિ ભરેલી રહે છે.
5. લક્ષ્મી પૂજાના સમયે 11 કોડીઓને ગંગાજળથી ધોઈને મા લક્ષ્મીને અર્પણ કરવી. તેના પર હળદર, કંકુ ચઢાવવું. બીજા દિવસે તેને લાલ કપડામાં બાંધીને તિજોરીમાં મૂકી દો. તેનાથી આવકમાં ચોક્કસ રીતે વધારો થાય છે.
6. તંત્રશાસ્ત્રમાં ગોમતી ચક્રને બહુ જ શક્તિશાળી માનવામાં આવે છે. દિવાળીની રાત્રે 9 ગોમતી ચક્ર લઈને પૂજા સ્થાનમાં રાખવું. પછી બીજા દિવસે તેને પણ પોતાની તિજોરીમાં લાલ અને પીળાં વસ્ત્રમાં વીંટીને રાખી દો. પછી જુવો, તમારું ભાગ્ય કેવી રીતે તમારો સાથ આપવા લાગે છે?
7. દિવાળીમાં નવું ઝાડુ ખરીદીને લાવવું. પૂજા કરતાં પહેલાં તે ઝાડુથી થોડી ઘણી સફાઈ કરી દો. પછી તેને એક તરફ મૂકી દો. બીજા દિવસથી તે ઝાડુનો ઉપયોગ કરવો. તેનાથી દરિદ્રતા દૂર ભાગશે અને મા લક્ષ્મીજીનું આગમન થશે.
8. પૂજામાં મા લક્ષ્મીનાં ચરણોમાં એક 'લાલ' તથા એક 'સફેદ' હકીક પથ્થર મૂકવા. આ બંને હકીકના યોગથી ચંદ્ર-મંગળનો લક્ષ્મી યોગ બને છે. પૂજા બાદ તેને પર્સમાં મૂકી દો.
9. દિવાળીમાં માતા લક્ષ્મીજીની પૂજામાં શ્રીયંત્ર, કુબેર યંત્ર, વેપાર વૃદ્ધિ યંત્ર, વીસા યંત્ર, જમણો શંખ, એકાક્ષી નાળિયેર વગેરે પણ મૂકીને તેમની પૂજા કરવી જોઈએ. જે ઘરમાં આ શુભ યંત્ર તેમ જ ધનપ્રદાયક વસ્તુઓ મૂકવામાં આવે છે, તે ઘરનાં સભ્યોને ધનની કોઈ પણ કમી રહેતી નથી. જો જાતકની કુંડળીમાં નિર્ધનતા લખેલી હોય, તો તે પણ બદલાઈ જાય છે.
10. દિવાળી પર સાંજે પીપળાના વૃક્ષ નીચે સરસવના તેલનો દીવો પ્રગટાવીને પીપળાને પ્રણામ કરીને પોતાની મનોકામના કહો. મા લક્ષ્મીજીનું ધ્યાન કરવું અને પાછું જોયા વગર આવવું. તમોને અવશ્ય જ મા લક્ષ્મીના આશીર્વાદ પ્રાપ્ત થશે.

**સમસ્યા અને સમાધાન**
**વાય.જે.ટી.**

# 'સ્ફટિક શ્રીયંત્ર'ની રોજ સરળ પૂજા કરીને દિવાળીમાં લક્ષ્મીજીને તમારા ઘરે આવવા માટે વિવશ કરી શકો છો

**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

વર્તમાન ભૌતિક યુગમાં રૂપિયા -પૈસાનું મહત્ત્વ ઘણું વધી ગયું છે.આજકાલ દરેક જણને ડગલે ને પગલે રૂપિયાની જરૂર પડે છે. ધનપ્રાપ્તિ માટે દરેક મનુષ્યને લાલચ રહે છે તથા તેના માટે પ્રયાસ પણ કરે છે. પરંતુ લક્ષ્મીજીની કૃપા દરેક મનુષ્યને પ્રાપ્ત થતી નથી.

ધાર્મિક દૃષ્ટિએ લક્ષ્મીજીને સમૃદ્ધિદાયક માનવામાં આવી છે. લક્ષ્મીજીની ઉપાસના કરવાથી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. જ્યોતિષની દૃષ્ટિએ 'શુક્ર ગ્રહ' બળવાન હોય તો સમૃદ્ધિ મળે છે. એટલે સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે 'લક્ષ્મીજી' અને 'શુક્ર ગ્રહ' બંનેની અનુકૂળતા આવશ્યક છે. 'સ્ફટિક શ્રીયંત્ર'થી આ બંને જ આવશ્યકતાઓ બરાબર રીતે પરિપૂર્ણ થાય છે. આ કારણે સ્ફટિક શ્રીયંત્રને સમૃદ્ધિ આપવાનો ચમત્કારિક ઉપાય માનવામાં આવે છે.

સ્ફટિક શુક્રનું પ્રતિનિધિ છે. શુક્ર ગ્રહને બળવાન કરવા માટે સ્ફટિક શ્રીયંત્રની સાધના કરવાનું વિધાન છે. શ્રીયંત્રની ઉપાસના કરવાથી માતા લક્ષ્મીજીની અસીમ કૃપા તો પ્રાપ્ત થાય છે જ. સાથે સાથે જ સમૃદ્ધિદાયક શુક્ર ગ્રહ પણ બળવાન થાય છે.

સ્ફટિક શ્રીયંત્રની પૂજા દરરોજ કરનાર વ્યક્તિઓને ધન-સંપત્તિ તેમ જ વૈભવની કમી રહેતી નથી. જે ઘરમાં દુકાનમાં અથવા પૂજા ઘરમાં સ્ફટિક શ્રીયંત્ર મૂકવામાં આવ્યું હોય ત્યાં રહેનારાને માતા લક્ષ્મીજીની કૃપાથી બધા પ્રકારનાં ધન-વૈભવ પ્રાપ્ત થાય છે.

શ્રીયંત્રની ઉપાસના કોઇ પણ શુભ મુહૂર્તમાં પ્રારંભ કરી શકાય છે. આર્થિક કષ્ટો સામે લડી રહેલા કોઈપણ મનુષ્યજીવનને સમૃદ્ધ બનાવવા માટે શ્રીયંત્રની ઉપાસના કરીને માતા લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત કરી શકે છે. જે વ્યક્તિ ધંધાકીય રીતે ભારે દેવાંના બોજ નીચે દબાઈ ગયો હોય, જેનો ખર્ચ વધારે અને આવક ઓછી હોય, જે વ્યક્તિઓના વ્યવસાયમાં એકાએક મંદી આવી ગઈ હોય, જે વ્યક્તિઓના રૂપિયા-પૈસા બજારમાં ફસાઈ ગયા હોય તથા પ્રયત્ન કરવા છતાં ના મળતા હોય, રૂપિયા પાછા આપનાર વ્યક્તિ ખોટા આશ્વાસન આપતો હોય. જે વ્યક્તિના ધંધામાં વારંવાર નાણાંનું નુકસાન થતું રહેતું હોય, જે વ્યક્તિ નાણાં માટે હંમેશાં ચિંતિત રહેતો હોય. જે વ્યક્તિઓને જવાબદારીઓ નિભાવવા માટે નાણાંની પરમ આવશ્યકતા હોય. જે વ્યક્તિ નાણાં હોવા છતાં પણ વૈભવ વગરનું જીવન પસાર કરી રહ્યો હોય.

**જે વ્યક્તિ પ્રાણપ્રતિષ્ઠિત સ્ફટિક શ્રીયંત્રની રોજ પૂજા કરે છે તેને ભૌતિક જગતનું કોઇ પણ ઐશ્વર્ય દુર્લભ નથી રહેતું. લક્ષ્મીવાળા થવું તે તમારો અધિકાર છે... આજે રૂપિયા વગરનો મનુષ્યસમાજ કોઇ પણ જગ્યાએ ફેંકાઈ જાય છે**

તેમને સ્ફટિક શ્રીયંત્રની પૂજા કરવાથી ઈચ્છિત ફળની સિદ્ધિ અવશ્ય મળે છે. શ્રી યંત્રની પૂજા તેમ જ પ્રતિષ્ઠા માટે દિવાળીનું પર્વ સર્વશ્રેષ્ઠ અબૂઝ (વણજોયું) મુહૂર્ત હોય છે. આ સિવાય નવરાત્ર પુષ્ય વગેરે બીજા શુભ મુહૂર્તમાં પણ શ્રીયંત્રનું પૂજન કરી શકાય છે. જે વ્યક્તિ દરરોજ શ્રીયંત્રનું પૂજન કરે છે, તેને ભૌતિક જગતનાં કોઈપણ ઐશ્વર્ય દુર્લભ નથી હોતાં!

## સ્ફટિક શ્રીયંત્રની રોજ પૂજા કેવી રીતે કરવી જોઇએ?

જે વ્યક્તિને પૂજા-પાઠના શાસ્ત્રીય નિયમોનું વધારે જ્ઞાન ના હોય... જેને દશોપચાર, ષોડશોપચાર પૂજનનું જ્ઞાન કે અભ્યાસ ના હોય... તેમને માટે શ્રીયંત્રની પૂજાનો સૌથી સરળ અને પ્રભાવશાળી રસ્તો એ છે કે પ્રાણપ્રતિષ્ઠિત સ્ફટિક શ્રીયંત્રને પૂજા ઘરમાં ચાંદીની પ્લેટ અથવા લાલ વસ્ત્ર પર રાખવું જોઇએ. ત્યાર બાદ દરરોજ સવારે સ્નાન વગેરેથી પરિવારને પવિત્ર થઇને શ્રીયંત્ર સામે ગાયના ઘીનો દીવો અને સુગંધિત ધૂપ (ગુલાબ અથવા ગૂગળ) પ્રગટાવવો જોઈએ. અગરબત્તી નહીં.

ત્યાર બાદ સ્ફટિક માળાથી અથવા કમળ ગટ્ટાની માળા વડે નીચે લખેલા લક્ષ્મી મંત્રનો દરરોજ એક માળા (108 વાર) જપ કરવો જોઈએ.

ઓમ શ્રીં હ્રીં શ્રીં કમલે કમલાલયે પ્રસાદ પ્રસીદ

ઓમ શ્રીં હીં શ્રીં મહાલક્ષ્મ્યૈ નમઃ

લક્ષ્મી મંત્રના જપ બાદ નીચે આપેલા શુક્ર મંત્રની એક માળા જપવી જોઈએ.

ઓમ દ્રાં દ્રીં દ્રૌં શુક્રાય નમઃ

જપ પૂરા થઇ ગયા પછી માળાના સુમેરને આંખે-કપાળેથી સ્પર્શ કરીને પૂજા ઘરમાં અથવા કોઇ અન્ય સ્વચ્છ સ્થાન પર મૂકી દેવી.

આ પ્રકારે આ સ્ફટિક પ્રયોગ કરીને તમે પણ આ દીપાવલીમાં લક્ષ્મીજીને તમારા ઘરમાં આવવા માટે વિવશ કરી શકો છો.



# ગુરુનું કર્ક રાશિમાં પરિવર્તન તમારા માટે કેવું રહેશે?

**કાળચક્ર**
**યજ્ઞાનંદ**

18 ઓક્ટોબર 2025ના રોજ ગુરુ ગ્રહ 19:48 વાગ્યે મિથુન રાશિમાંથી નીકળીને પોતાની ઉચ્ચ રાશિ કર્કમાં પ્રવેશ કરશે. જે 05 ડિસેમ્બર 2025ના રોજ 17:26 વાગ્યા સુધી રહેશે. સામાન્ય રીતે ગુરુનો આ અસ્થાયી રૂપે કર્ક રાશિમાં પ્રવેશનો ગોચર મુજબ કાયમી પ્રભાવ નહીં રહે છતાં પણ તે પોતાની ઉચ્ચ રાશિમાં ભ્રમણ દરમિયાન જુદી જુદી રાશિવાળાંઓને ગુરુનું આ ગોચર કેવું રહેશે તેનું સંક્ષિપ્ત વિવરણ કરવામાં આવ્યું છે.

**મેષ રાશિ**

ચોથા સ્થાન પરથી પસાર થતો ગુરુ લાભ આપશે. જીવનમાં મહત્ત્વના ફેરફાર, વિદેશ યાત્રા, ભાઈ-બહેનો, મિત્રો સાથે સહકાર મળી રહેશે. જમીન-મકાનના પ્રશ્નો બાબતે લાભ આપશે. આરોગ્ય બાબતે ચેતતા રહેવું. આ સમયમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. નાણાંકીય સદુપયોગ થશે. જો કે, આ ગુરુ ચોથા ભાવે પસાર થાય તે શુભ કહેવાતો નથી. પરંતુ અહીં બેઠેલો ગુરુ- કેરિયર, સામાજિક સન્માન તેમ જ પારિવારિક બાબતે સકારાત્મક પ્રભાવ રહેશે. કાર્યસ્થળ પર આવતી સમસ્યાઓમાં રાહત મળશે. સહકર્મચારીઓ તેમ જ ઉચ્ચાધિકારીઓ જોડે ઘણો સારો સંબંધ સ્થાપિત થશે. ધર્મ-અધ્યાત્મમાં અભિરુચિ વધશે. દાન તેમજ પરોપકાર પ્રત્યે રુચિ વધી શકે છે.

**વૃષભ રાશિ**

વૃષભ રાશિવાળાઓને ગુરુનું આ ગોચર ત્રીજા ભાવમાં રહેશે. જો કે, તે શુભ કહેવાતું નથી.આ ગોચર સમયમાં પહેલાંથી ચાલી આવતી સમસ્યાઓમાં વિશેષ રાહતની આશા રાખી શકાય નહીં. કુટુંબીજનોની સરખામણીની દૃષ્ટિએ ઘણો સારો સહયોગ મળશે. કેરિયરમાં ખાસ ફેરફાર નહીં થાય. પરંતુ યાત્રાના યોગ વધારે છે.

**મિથુન રાશિ**

મિથુન રાશિવાળા માટે ગુરુનું આ ગોચર ખૂબ જ સારું રહેશે. છેલ્લા કેટલાક સમયથી ચાલી આવતી સમસ્યાઓમાં રાહત મળશે તથા અવસર પ્રાપ્ત થશે. આવકમાં વધારાની યોજના બનશે. લગ્નયોગ્ય વ્યક્તિઓના લગ્નના યોગ પણ બને છે.

**કર્ક રાશિ**

કર્ક રાશિવાળાઓ માટે ગુરુનું કર્ક રાશિમાં ગોચર તેમની જન્મ રાશિ ઉપરથી પસાર થશે. જે સરખાણીમાં ખૂબ જ રાહતરૂપ થશે. ધર્મ તેમ જ અધ્યાત્મમાં રુચિ વધશે તથા ભાગ્યનો સાથ ઘણો મળશે. ઘરમાં માંગલિક કાર્યક્રમના યોગ બનશે. કેરિયર સંબંધી સમસ્યાઓમાં પણ રાહત દેખાશે.

**સિંહ રાશિ**

સિંહ રાશિવાળાઓ માટે ગુરુનું કર્ક રાશિમાં ગોચર તેમની જન્મ રાશિથી બારમા ભાવમાં રહેશે. જો કે તે શુભ નથી. આ ગોચરના સમયગાળામાં ખર્ચમાં વધારો થશે તથા કેટલીક કુટુંબી સમસ્યાઓ આવવાથી મન વિચલિત રહી શકે છે. સંતતિ સંબંધી ચિંતાઓ પરેશાન કરશે. કેરિયર સંબંધીના કેસમાં લાપરવાહી ના રાખશો.

**કન્યા રાશિ**

કન્યા રાશિવાળાઓ માટે ગુરુનું કર્ક રાશિમાં ગોચર નવીન અવસરોની પ્રાપ્તિ કરાવી શકે છે. કેરિયરમાં પ્રગતિના યોગ બનશે. સાથે જ ધન તેમજ આવકમાં વધારો થશે. અટકેલાં કામોમાં પ્રગતિ થશે. ભાગ્યનો પણ સાથ મળશે. ઘરમાં માંગલિક કાર્યક્રમના યોગ બનશે. કેરિયર સંબંધી સમસ્યાઓમાં પણ રાહત જોવા મળશે.

**તુલા રાશિ**

તુલા રાશિવાળાઓ માટે ગુરુનું કર્ક રાશિમાં ગોચર સામાન્ય રીતે અનુકૂળ ફળપ્રદ રહેશે. કેરિયરમાં વિશેષ પરિવર્તન જોવા નહીં મળે, પરંતુ દિનપ્રતિદિનનો મામલો સરળતાથી પૂરો થતો દેખાશે. કેસ વગેરે બાબતોમાં તમારા પક્ષમાં પરિસ્થિતિ બનશે.

**18 ઓક્ટોબર, 2025ના રોજ ગુરુ 19:48 વાગ્યે મિથુન રાશિમાંથી નીકળીને કર્ક-પોતાની ઉચ્ચ રાશિમાં પ્રવેશ કરશે, જે 5 ડિસેમ્બર સુધી ચાલશે**

**વૃશ્ચિક રાશિ**

વૃશ્ચિક રાશિવાળાઓ માટે કર્કનો ગુરુ તેમના જન્મ રાશિથી નવમા ભાવમાં રહેવાથી ફક્ત રાહત જ નહીં, ખૂબ જ અનુકૂળતા દેખાશે. છેલ્લા કેટલાક સમયથી ચાલી આવતી સમસ્યાઓમાં રાહત મળશે તથા નવા અવસરો મળશે. અટકેલાં કાર્યો થશે. નવીન અવસરોની પ્રાપ્તિ થશે. કુટુંબસુખમાં વધારો થશે. લગ્નયોગ થાય છે.

**ધન રાશિ**

ધન રાશિવાળાઓ માટે ગુરુનું આ ગોચર શુભ કહી શકાતું નથી. જન્મ રાશિથી આઠમા ભાવમાં આ ગોચર આરોગ્યની દૃષ્ટિએ સમસ્યા ઊભી કરી શકે છે. એટલા માટે સાવધાની રાખવી જોઈએ. ખાવા-પીવાનું પણ ધ્યાન રાખવું. ઘરેથી બહાર ખાવાનું વગેરેથી બચવું જોઈએ. પોતાનાં સંબંધીઓને મહત્ત્વ આપવું તથા કુટુંબીજનો પાસેથી ઘણો જ સારો સંબંધ બનાવી રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**મકર રાશિ**

મકર રાશિવાળા માટે ગુરુનું આ ગોચર તેમની જન્મ રાશિથી સાતમા ભાવમાં રહેશે. જો કે, તે શુભ ફળદાયક છે. છેલ્લા કેટલાક સમયથી સમસ્યાઓ ચિંતા સતાવે છે. તેમાં રાહત મળશે. કુટુંબ સુખમાં વધારો થશે.



લગ્નયોગ્ય વ્યક્તિઓને લગ્નયોગ બનશે. કેરિયરમાં નવા અવસરો પ્રાપ્ત થશે.

**કુંભ રાશિ**

કુંભ રાશિવાળા માટે ગુરુ કર્ક રાશિમાં ગોચર તેમની જન્મ રાશિથી છઠ્ઠા ભાવમાં રહેશે. જો કે આ ગોચર તેમના માટે શુભ નથી.આ સમયગાળામાં કૌટુંબિક તેમ જ સમસ્યાઓ ઊભી થઈ શકે છે. આ સમયગાળામાં પરિવારમાં તેમ જ સામાજિક સમસ્યાઓ ઊભી થઇ શકે છે. પરંતુ પરિવારજનોનો આશા મુજબ સહયોગ નહીં મળવાથી કામોમાં અવરોધ ઊભો થશે. બચત વગેરેમાં કમી જોવા મળી શકે છે.ધનનો વ્યય તેમજ દેવું કરવાની પરિસ્થિતિ ઊભી થઇ શકે છે.

**મીન રાશિ**

મીન રાશિવાળા માટે ગુરુનું આ કર્ક રાશિમાં ગોચર શુભ ફળદાયક છે. તમારી જન્મ રાશિથી પાંચમા ભાવમાં ગુરુનું ગોચર કેરિયર, આવક તેમ જ કૌટુંબિક બાબતોમાં શુભ ફળ આપશે. આ સમયગાળામાં લગ્નલાયક જે વ્યક્તિઓનાં લગ્નની ચર્ચા પણ ચાલી શકે છે.